**<u>રેગ્યુલર દીવાની દાવા નં. ૨૯/૨૦૨૪.</u>**

**<u>-:: આંક ૧ લગત હુકમ ::-</u>**

સદર કામે રેકર્ડ વંચાણે લઈએ તો, આ દાવો મુળગત રીતે સીવીલ પરચુરણ અરજી તરીકે નંબર ૫૭/૨૦૨૧ થી પ્રોબેટ મેળવવા હેતુ તારીખ ૦૨.૦૭.૨૧ ના રોજ દાખલ થયેલ હતો. આ કામે સામાવાળા તરફે હાજર થયા બાદથી વાંધા રજુ થતા આ કામને તારીખ.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ રેગ્યુલર દાવા તરીકે દાખલ કરવાનો હુકમ થયેલ છે. આ કામે તારીખ ૨૦.૨.૨૫ ના રોજ મુદા ફ્રેમ કરવામા આવેલ છે. તયારબાદથી આ કામ વાદીના પુરાવામાટે ચાલી આવતુ હોવા છતા વાદી એ આજ દીન સુધી એટલેકે બીજા છમાસ વીતી ગયેલ હોવા છતા પોતાના પુરાવા આ કામે રજુ કરેલ નથી. આ કામે વાદીને તેમની મુદત અરજીઓ તળે આંક-૨૧ તથા આંક- ૨૩ તળે અંતીમ મુદતો આપેલ હોવા છતા આજરોજ આ હુકમ કરતા સમય સુધી વાદી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફત હાજર રહેલ નથી કે કોઈ અરજ અહેવાલ રજુ કરેલ નથી.

આ કામે પ્રતીવાદીએ આ દાવો ડી.ડી કરવા સારુ આંક-૧૯ તથા આંક-૨૨ થી અનુક્રમે તા. ૧૭.૪.૨૫ તથા તા. ૩૦.૬.૨૫ ના રોજ અરજી ઓ કરેલી છે. આ અરજીઓ આજદીન સુધી પેન્ડીંગ છે. આ કામે વાદીએ ત્યારબાદ અરજીઓ રજુ કરેલ હોય, તે તેઓની જાણમા હોવાનુ માનવાને કારણ રહે છે. આમ મુળ રીતે જોઈએ તો સને ૨૧ નુ કામ હોવા છતા, તેમા વાદીએ પોતે દાદ માંગેલ હોવા છતા તે કામ આગળ ચલાવવા કે, તે તળે હુકમ મેળવવા કે આ કામ આગળ ચલાવવા વાદી જાતે કે માહીતગાર વકીલશ્રી મારફતે હાજર નથી.

આજરોજ પોકાર કરતા કરાવતા આ હુકમ કરતા સમય સુધી વાદી જાતે કે પોતાના માહીતગાર વકીલશ્રી મારફતે આ અદાલત સમક્ષ હાજર રહેલ નથી. આ કામે અમો નીચે સહી કરનારે આ કેસ આ અદાલતમા ટ્રાન્સફર થયા પછીથી વાદીને ન્યાય ના હીતમા વધુ એક તક આપવાના હેતુ થી વધુ બે મુદતોનો સમય મંજુર કરવામા આવેલ હોવા છતા આજરોજ વાદી હાજર રહેલ નહી કે તે માટે કોઈ યોગ્ય કારણ દર્શાવતી મુદત અરજી પણ વાદી પક્ષ તરફથી રજુ થયેલ નહી. આમ, અનેકાનેક તકો આપવા છતાં વાદી દાવા કામગીરી આગળ ચલાવવાના હેતુસર આ અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે આવી ગેરહાજરી હેતુ કોઈ રજુઆત કરતી કે યોગ્ય કારણ દર્શાવતી મુદત અરજીઓ પણ તેમના પક્ષે રજુ થયેલ નથી.

આમ,ઉપરોકત ચર્ચા મુજબ વારંવાર અનેકાનેક તકો આપવા છતાં, આજરોજ વાંરવાર પોકાર કરાવવા છતા, વાદીએ આજદીન સુધી પોતાનો પુરાવો રજુ કરેલ નથી કે દાવા કામે આગળની કાર્યવાહી હેતુ જાતે કે માહીતગાર વિ.વકીલશ્રી મારફતે નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી, કે આ માટે કોઈ યોગ્ય કારણ દર્શાવતી મુદત અરજી પણ રજુ થયેલ નથી.

આમ ઉપરોકત તમામ ચર્ચા, તારણો અને કારણો ઘ્યાને લેતા એમ જણાઈ આવે છે કે વાદી પોતાના દાવા પ્રત્યે લેશમાત્ર ગંભીર નથી અને તેને દાવામા કોઈજ પ્રકારનો રસ નથી, તથા વાદીએ કે તેમના વિ.વ.શ્રીએ આ સમગ્ર સમયગાળા દરમ્યાન એકબીજાનો સંપર્ક કરેલો હોય તેવું પણ જણાતું નથી અને વાદી નુ દાવા અરજીમા જણાવેલ સરનામુ જોતા, વાદી સ્થાનીક ગાંધીનગર નાજ રહેવાસી હોય ,તેથી જો ખરેખર વાદીને દાવો ચલાવવામાં રસ હોય, કે વાદી ન્યાયની ઝંખના સેવતો હોત તો વાદી આ સમય દરમયાન ચોકકસ પુરાવો આપી શકયા હોત કે આગળ કામ ઘપાવી શકેલ હોત. આમ છતાં વાદી પુરાવો રજુ કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે અને વાદીને પોતાના દાવામાં કોઈ જ રસ હોય તેમ જણાઈ આવતુ નથી.

આવા સંજોગોમાં વાદી તરફે દાવામાં તેમના બેદહ પ્રમાદીપણા, દાવા પ્રત્યેની નિરસતા અને ઉદાસીનતા ઘ્યાને લેતા તથા આ દાવો વર્ષ–૨૦૨૧મા દાખલ થયેલ ૪ વર્ષ ઉપરાંતની જુની મેટર હોય, પક્ષકારો જાતે કે તેમના વિઘવાનવકીલશ્રી મારફતે દાવાના કામે હાજર રહેતા ના હોય, એવા સંજોગોમા આ અદાલત એમ માને છે કે આ દાવામાં હવે, ન્યાયના હીતમા વઘુ મુદત આપી શકાય નહી . આથી આંક–૧ લગત હુકમ ફરમાવી વાદીનો દાવો ડીસમીસ ફોર વોન્ટ ઓફ પ્રોસીકયુસન કરવાનું ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવમાં આવે છે.

–:: હુકમ ::–

૧) વાદીનો દાવો તેમની ગેરહાજરી સબબ કાઢી નાખવામાં આવે છે.
૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તારીખ ૭મી ઓગષ્ટ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા. ૦૭–૦૮–૨૦૨૫ (એફ.એન.સોલંકી)
ગાંધીનગર. ત્રીજા અધિક સીવીલ જજ–ગાંધીનગર
(જજ કોડ–જીજે.૦૧૫૫૨)